હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સાહેબ... મારે તો મારી સેફ્ટીનું પણ વિચારવાનું કે નહીં..??

સાંતેજમાં ગોડાઉન ભાડે રાખીને થતો બિયરનો વેપાર ઝડપાયો

સાંતેજ પોલીસના નાક નીચેથી એલસીબીની ટીમે દારૂ-બિયરનો મોટો જથ્થો પકડ્યો : ત્રણ શખ્સોની ધરપકડ

ગાંધીનગર, તા.૨૮

જિલ્લાના કલોલ તાલુકામાં સાંતેજ જીઆઈડીસી ખાતે એક ગોડાઉન ભાડે રાખીને તેમાં દારૂ બિયરનો જથ્થો ભરી મોટો વેપાર થઈ રહ્યો હોવાની માહિતીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે ગોડાઉનમાં દરોડો પાડી દારૂ બિયરનો મોટો જથ્થો પકડી પાડયો છે. નવાઈની વાત તો એ છે કે સ્થાનિક પોલીસ આ ગોડાઉનથી અજાણ હતી અને સાંતેજ પોલીસના નાક નીચેથી ચોક્કસ બાતમીના આધારે એલસીબીની ટીમે દારૂ-બિયરનો જથ્થો પકડી ત્રણ શખ્સોની ધરપકડ કરી લીધી છે.

કલોલ તાલુકાના સાંતેજ જીઆઈડીસીમાં એલસીબીએ બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. ગોડાઉનના બાથરૂમમાંથી ૯૨ પેટી બીયર અને બે પેટી વિદેશીદારૂનો જથ્થો મળી આવ્યો છે. જિલ્લા પોલીસ વડાની સુચનાને આધારે ગાંધીનગર એલસીબી-૨ પીઆઈ એચ. પી. ઝાલાની ટીમ કલોલ પંથકમાં સક્રીય હતી ત્યારે જમાદાર કેવલસિંહને ચોક્કસ બાતમી મળી હતી. સાંતેજ જીઆઇડીસી ખાતે કમલદીપ એસ્ટેટમાં સર્વે નં.૧૪૧ બ્લોક નંબર ૨૫-૧ માં બનાવેલા ગોડાઉનમાંથી ૧.૫૪ લાખની કિંમતની ૨૨૦૮ નંગ બીયર મળી આવી હતી. પોલીસે કરેલી પૂછપરછમાં બહાર આવ્યું કે આરોપીઓએ ૧૯ નંબરનું ગોડાઉન પણ ભાડેથી રાખી વિદેશી દારૂનો વેપાર કરતા હતા. જેથી પોલીસે આ ગોડાઉનની તપાસ કરતાં તેમાંથી રૂ.૧૦હજારની કિંમતની ૨૪ નંગ દારૂની બોટલ મળી આવી હતી. પોલીસે બીયર અને દારૂનો જથ્થો તેમજ ૪ મોબાઈલ મળી કુલ ૧.૯૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે. એલસીબીએ દારૂ બિયરના જથ્થા સાથે મૂળ રાજસ્થાનના અને હાલ નવા નરોડાની આશીર્વાદ એવન્યુ સોસાયટીમાં રહેતા કાંતિ ઉર્ફે રોહિત રતીલાલ સેન, ભાવેશ હીરાજી પ્રજાપતિ અને નારાયણ કસ્તુરામ સેન મળીને ત્રણ શખ્સોની ધરપકડ કરી લીધી છે. અજાણ રહેલી સ્થાનિક પોલીસની ભૂમિકા અંગે ઉચ્ચ કક્ષાએથી તપાસ શરૂ કરી દેવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરની હદ વધારવાના નિર્ણય બાદ મનપાએ ચાર્જ સંભાળ્યા બાદ પણ જિલ્લા પંચાયતની ઘણી કચેરીઓ આ વિસ્તારમાં સેવારત હોઈ લોકોમાં દ્વિધા છે કે કોણ વહીવટ સંભાળે છે ?
- ગાંધીનગર જિલ્લામાં ચોમાસુ સમયસર બેસી ગયુ છે અને અત્યાર સુધીમાં ૧૬.૨૮ ટકા જેટલો વરસાદ નોંધાયો છે.
- ગાંધીનગર શહેરની વીજ માંગમાં ભારેખમ વધારો થયો છે આ મુદ્દે નવા ટ્રાન્સફોર્મર લગાવવાના મુદ્દે જમીનને લઈ ટોરેન્ટ પાવર અને રાજ્ય સરકાર વચ્ચે ફાઈલો ચાલી રહી છે.
- શંકરસિંહ વાઘેલા દ્વારા નવા સ્થપાયેલા પક્ષ પ્રજાશક્તિ મોરચાના કાર્યકારી પ્રમુખ બબલદાસ પટેલનો પણ કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.
- ગાંધીનગર શહેરની પ્રા. શાળાના બાળકો માટે પણ વર્ચ્યુઅલ ક્લાસરૂમથી શરૂ થાય તે માટે મનપા અને શિક્ષણતંત્ર વચ્ચે વાટાઘાટો ચાલતી હોવાનુ જાણવા મળેલ છે.

મહાનગરમાં સમાવિષ્ટ વાવોલમાં મેયરના હસ્તે વૃક્ષારોપણ યોજાયું

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર મહાનગર પાલિકાનો તાજેતરમાં જ વ્યાપ વધારવામાં આવ્યો છે અને આ અંતર્ગત મહાનગરમાં સામેલ થયેલા નવા વિસ્તારમાં સમાવિષ્ટ વાવોલ ખાત આજે સવારે શાલીન-૫ એપાર્ટમેન્ટના પ્રાંગણમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે મેયર રીટાબેન પટેલ તથા પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ અને શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ 'દાસ' ઉપસ્થિત રહ્યા હતા.

વાવોલ વિસ્તારની શાલીન-૫ એપાર્ટમેન્ટ સોસાયટી ખાતે સ્વામી વિવેકાનંદ વસાહત મંડળ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં મેયર રીટાબેન પટેલે હવે મહાનગરપાલિકામાં સમાવેશ થઈ ગયો હોવાથી વાવોલની કચરાની સમસ્યાનો સત્વરે ઉકેલ લાવવાની હૈયાધારણ આપી હતી. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલે રાજય સરકારની મા અમૃતમ સહિતની યોજનાનો વધુને વધુ લાભ લેવા આહવાન કર્યું હતું. આ કાર્યક્રમમાં વાવોલના ભાજપ અગ્રણી શૈલેષભાઈ પટેલ અને દિલીપસિંહ ગોલ સહિત કાર્યકરો ઉપરાંત વાવોલ વિસ્તારની સોસાયટીઓના અગ્રણીઓ કચરાજી ગોલ, અતુલભાઈ મેહતા, સંજયભાઈ પ્રજાપતિ સહિત સોસાયટીઓના પ્રમુખો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની સફળતા માટે શાલીન-૫ના ગૌરાંગ પટેલ, સંકેત ગોર તથા અન્ય રહીશોએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના સમાપને દરેકને પાંચ રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં માસ્ક તથા સોશ્યલ ડિસ્ટન્સનું પણ ધ્યાન રાખવામાં આવ્યું હતું.

ભાજપ પ્રમુખ, સંગઠન નવી વરણી મામલે આજે મિટિંગ

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણી પૂરી થયા પછી ભાજપમાં પ્રદેશ પ્રમુખની વરણી અને સંગઠનમાં નવી વરણી મુદ્દે આજે સાંસદો અને ધારાસભ્યોની વીડિયો કોન્ફ્રેન્સ મારફતે મહત્વપૂર્ણ બેઠક મળશે. આ બેઠકમાં નવા પ્રદેશ પ્રમુખના નામ અંગે ચર્ચા કરવામાં આવશે અને સાંસદો અને ધારાસભ્યોનો અભિપ્રાય લેવાશે.

આજે વીડિયો કોન્ફ્રેન્સ મારફતે સાંસદો અને ધારાસભ્યોની મહત્વપૂર્ણ મીટિંગ થશે. આ મીટિંગમાં ધારાસભ્યો અને ધારાસભ્યોના નવા પ્રદેશ પ્રમુખ અંગે સૂચન લેવામાં આવશે. ત્યાર બાદ ભાજપ ૩૦ જૂન સુધી નવા પ્રદેશ પ્રમુખની વરણી કરી શકે છે. તેની સાથે સાથે ભાજપના પ્રદેશ માળખામાં પણ બદલી કરવામાં આવશે.

ગોરમાનો વર કેસરિયો.... સાવ નાની બાળાઓ નવા નવા વસ્ત્રો પહેરી, હાથમાં પૂજાની સામગ્રી લઈ આ ગીતની પંક્તિઓ ગાતી મંદિરે જતી હોય તેવા દૃશ્યો આપણી ભારતીય સંસ્કૃતિનુ પ્રતિક ગણી શકાય. આપણી સંસ્કૃતિમાં પતિને ઈશ્વરનો દરજ્જો આપવામાં આવ્યો છે. માત્ર એક જન્મ સુધી નહી પરંતુ સાત-સાત જન્મો સુધી સાથે રહેવાના અને સાથ નિભાવવાના કોલ કરાર અપાય છે. સારો અને સુયોગ્ય પતિ મળે તે માટે બાળાઓ નાનપણથી જ ગોરમાની પૂજા કરે છે. આ પૂજા અને વ્રત પાછળના ભાવ ભલે બાળાઓ પૂરેપૂરો સમજે કે ન સમજે પરંતુ તેમને મન તો સળંગ પાંચ દિવસ સુધી નવા નવા કપડાં પહેરવા, તૈયાર થવુ અને દરરોજ સૂકો મેવો અને ફળ ખાવા એટલે ઉત્સાહ-ઉલ્લાસનો સમયગાળો... ગોરમાના વ્રત હવે શરૂ થઈ રહ્યા છે ત્યારે તૈયાર ગોરો અને અન્ય પૂજા સામગ્રી બજારોમાં જોવા મળી રહી છે.

શીકા ગામનું ગૌરવ

શીકાગામ (તા. ધનસુરા)ના રહેવાસી પ્રજાપતિ કનુભાઈ

પુરૂષોત્તમદાસ તથા પ્રજાપતિ લતાબેન કનુભાઈના સુપુત્ર મૌલિક કનુભાઈ પ્રજાપતિએ એમ.બી.બી.એસ. પૂર્ણ કર્યા બાદ ચાલુ વર્ષે લેવાયેલ નીટ પી.જી. મેડીકલની પ્રવેશ પરીક્ષા ઉચ્ચ મેરીટ સાથે ઉત્તીર્ણ કરી એમ.ડી. (જનરલ મેડીસીન) શાખામાં ઉચ્ચ અભ્યાસ માટે પ્રવેશ મેળવી સમાજ તથા ગામનુ ગૌરવ વધારેલ છે.

જમીનના એમઓયુ કરી બારોબાર વેચી નાંખવાનું કૌભાંડ સામે આવ્યું

ગાંધીનગર, તા. ૨૮

બનાવટી ખેડૂત બનીને ખેડૂતોની જમીન પચાવી પાડવાનો કિસ્સો બહાર આવવા પામ્યો છે. જે અંગે મેમનગરમાં રહેતા રૂપેશ ઠક્કરે સાંતેજ પોલીસ મથકમાં ફરીયાદ કરી હતી. જેના આધારે પોલીસે જમીન કૌભાંડમાં આરોપી ધર્મેશ શાહની ધરપકડ કરી છે.

દરમિયાન આ કેસ અંગે રૂપેશ ઠક્કરે જણાવ્યુ હતુ કે કલોલ તાલુકાના વાયણા ગામની ખેડૂતોની જમીન હિતેશ શાહ અને હીતેન શાહ તેમજ ધર્મેશ શાહે પચાવી પાડવાનો આક્ષેપ કર્યો છે. તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે આ લોકોએ ખેડૂતોની જમીનના દસ્તાવેજ કરીને રૂપેશભાઈ ઠક્કરને જમીન વેચાણ કરવા માટેના સમજૂતી કરાર કર્યા હતા. અને ૪ લાખ ચોરસવાર જમીન પેટે ચેકથી નાણાં ચુકવ્યા હતા.

દરમિયાન ફરીયાદમાં રૂપેશ ઠક્કરે એવો આક્ષેપ કર્યો છે કે આરોપી ધર્મેશ શાહ અને તેમના પરિવારજનોએ તેમના દાદા ચીમનલાલ ઉર્ફે ચંદુલાલ જીવરાજભાઈ હોવાનુ પ્રસ્થાપિત કરવા નોટરી સમક્ષ ખોટુ સોગંદનામુ કર્યુ હતુ. જેમના વારસદાર તરીકે રજનીકાંત તેમજ કીશોરભાઈના પોતે વારસદારો છે તેવુ પેઢીનામુ બનાવ્યુ હતુ.

ઉપરાંત આરોપીઓએ ખોટા ખેડૂત બનવા બોગસ દસ્તાવેજો બનાવી તેમને મુલસાણા પંચાયતમાં રજૂ કરી ખોટા ખેડૂત બનીને ઠગાઈ કરી છે.

આ ઉપરાંત ફરીયાદમાં એવી રજૂઆત કરી છે કે કલોલના વાયણા ગામની સીમમાં આવેલી ૪ લાખ ચોરસ વાર જમીન પર હર્ષ રિયાલીટીના પ્રોપરાઈટર અને સૃષ્ટિ હોમ્સ કો.ઓ. હાઉસીંગ સોસાયટી વચ્ચે સમજૂતી કરાર થયા હતા. જે પેટે ચેક દ્વારા નાણાં ચૂકવવામાં આવ્યા હતા. ફરીયાદીએ કરેલી ફરીયાદના આધારે સાંતેજ પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

આંકડાના જાદુગર એવા પ્રશાંત ચંદ્રના 'મહાલનોબિસ મોડલ'ની દુનિયાના અર્થશાસ્ત્રીઓએ પ્રસંશા કરી હતી

ભારતીય સ્ટેટેસ્ટીકલ ઇન્સ્ટીટ્યુટની સ્થાપના કરનારા મહાલનોબિસના નામે આજનો દિન મહાન

ટાઈમ લાઈન

- ગૌતમ પુરોહિત

ભારતમાં નોટબંધી વખતે પૂર્વ પ્રધાનમંત્રી મનમોહનસિંહે જોન મેનાર્ડ કીંસની પંક્તિઓ દોહરાવી હતી. આ મહાન અર્થશાસ્ત્રીએ કીંસ એ ક્યારેક કહ્યું હતું કે "ઇન ધ લોન્ગ રન વી આર ઓલ ડેડ" – આ નસીહત આજની મુસિબતોને સહન કરીને દૂરના ભવિષ્યના ફાયદા ગણાવતા લોકો માટે હતી, કે જ્યારે દૂરના ભવિષ્યમાં આપણાંમાંથી કોઇ નહીં હોય... અહીં આજના દિવસે એવા વ્યક્તિનો ઉલ્લેખ થઇ રહ્યો છે કે જેણે દૂરના ભવિષ્યને જ નહીં, દેશની આર્થિક તસવીર બદવાનું નક્કી કર્યું હતું. તેઓ હતા સ્ટેટેસ્ટીકના વિદ્વાન અને ભારતની બીજી પંચવર્ષિય યોજનાના સૂત્રધાર પ્રશાંતચંદ્ર

મહાલનોબિસ. પૂર્વ પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરૂ અને પીસી મહાલનોબિસની જોડી એવી હતી કે જેવી રીતે નરસિંમ્હારાવ અને મનમોહનસિંહની જોડી હતી. ફરક માત્ર એટલો છે કે મહાલનોબિસ નાણાંમંત્રી બની શક્યા ન હતા. આજે તો એનડીએ સરકારે અગાઉના પ્લાનિંગ કમિશનને વિખેરીને નીતિ આયોગની સ્થાપના કરી છે ત્યારે મહાલનોબિસની આ યાદગીરી દેશની નવી પેઢીએ પણ યાદ રાખવા જેવી છે, જેમાં સંઘર્ષ થી સફળતાનો ઈતિહાસ લખાયેલો છે.

● બ્રિટનથી ભારત વાપસી એ જીવનનો નિર્ણાયક મોડ...

રવીન્દ્રનાથ ટાગોરના સાહિત્યની વ્યાખ્યા ખુદ ટાગોરથી વધુ બહેતર બનાવી હતી તે મહાલનોબિસનું શરૂઆતનું શિક્ષણ બંગાળમાં થયું હતું. વિજ્ઞાનમાં સ્નાતક કર્યા પછી આગળ અભ્યાસ કરવા માટે ઘરના લોકોએ તેમને યુનિવર્સિટી ઓફ લંડન મોકલી દીધા હતા. કહેવાય છે કે તેઓ એક વખત કેંબ્રિજ શહેરમાં ફરવા ગયા હતા જ્યાં તેમને કિંગ્સ કોલેજ પસંદ આવી ગઇ, બસ તેઓ બીજા દિવસે આ કોલેજમાં દાખલ થઇ હતા અને ત્યાંથી ભૌતિકની ડીગ્રી હાંસલ કરી હતી. પીસી મહાલનોબિસની ભારત વાપસી એ તેમના જીવનનો નિર્ણાયક મોડ હતો. પહેલું વિશ્વયુદ્ધ શરૂ થઇ ચૂક્યું હતું. સમુદ્રના રસ્તે તેઓ જે જહાજમાં આવવા માગતા હતા તેમાં વિલંબ થયો. સમય પસાર કરવા માટે તેઓ કેંબ્રિજ પુસ્તકાલય ગયા અને ત્યાં તેમણે બાયોમેટ્રીક્સને લગતું એક પુસ્તક વાંચ્યું અને જ્યારે તેઓ પાછા આવ્યા ત્યારે બાયોમેટ્રીક્સનું તમામ સાહિત્ય સાથે લઇ આવ્યા. ૧૯૨૨માં કલકત્તાની પ્રેસિડેન્સી કોલેજમાં તેમને પાર્ટટાઇમ નોકરી મળી ગઇ. બાયોમેટ્રીક્સ વાંચ્યા પછી તેમને આંકડામાં લગાવ થઇ ગયો.

● અંકશાસ્ત્રથી એટલો પ્રેમ થયો જે જીવનભર છૂટ્યો નહીં...

સ્ટેટેસ્ટીકલ એ ગણિતની એવી શાખા છે કે જેમાં આંકડાનું સંગ્રહણ, પ્રદર્શન, વર્ગીકરણ અને તેના ગુણોનું આંકલન તેમજ અધ્યયન કરી શકાય છે. અકાદમિક અનુશાસન થી લઇને પ્રાકૃતિક વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, માનવિકી અને કારોબાર જેવા તમામ ક્ષેત્રોમાં તેનો ખૂબ ઉપયોગ થાય છે. આ વિજ્ઞાનથી મહાલનોબિસને સખ્ત પ્રેમ થઇ ગયો જે જીવનપર્યંત છૂટ્યો નહીં. ૧૯૨૦માં તેઓ વિજ્ઞાન કોંગ્રેસમાં ભાગ લેવા માટે પૂના ગયા હતા, ત્યાં જૂલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયાના નિર્દેશકે તેમને કલકત્તામાં રહેતા એંગ્લો ઇન્ડિયન લોકો પર સંશોધન કરવાનું કહ્યું. આ શોધમાં તેમણે મહાલનોબિસ અંતર (દૂરી) ના સિદ્ધાંતને પ્રાપ્ત કર્યો જે એકરીતે સ્ટેટેસ્ટીકલનું માપ છે. જેનો ઉપયોગ વસતી ગણતરીના સબંધમાં કરવામાં આવે છે. તેઓ આખા ભારતમાં મશહૂર બની ગયા. ૧૯૩૧માં તેમણે ભારતીય સ્ટેટેસ્ટીકલ ઇન્સ્ટીટ્યુટની સ્થાપના કરી અને બીજા વર્ષે તેમણે સ્ટેટેસ્ટીકલ નામની પત્રિકા પણ શરૂ કરી હતી.

● નેશનલ સ્ટેટેસ્ટીકલ ઇન્સ્ટીટ્યુટની સ્થાપના કરી હતી...

૧૯૪૯માં મહાલનોબિસ માનદ સંખ્યા સલાહકાર નિયુક્ત થઇ ગયા હતા. બીજા વર્ષે એટલે કે ૧૯૫૦માં તેમણે નેશનલ સેમ્પલ સર્વે અને કેન્દ્રીય આંકડાશાસ્ત્ર સંગઠનની સ્થાપના કરી હતી. મહાલનોબિસનું જીવન ચરિત્ર્ય લખનારા અશોક રૂદ્રનું માનવું છે કે આ બન્ને સંસ્થાઓની મદદથી ભારત સરકારને ભરોસાપ્રાપ્ત સ્ટેટેસ્ટીકલ મળતા હતા જેની વિશ્વમાં એક મિસાલ હતી. આ સંસ્થાઓના ગઠન પછી તેઓ જવાહરલાલ નહેરૂની નજરમાં આવી ગયા હતા. આઝાદીના નવ વર્ષ પહેલાં એટલે કે ૧૯૩૮માં નહેરૂની વચગાળાની સરકારે તેમની અધ્યક્ષતામાં દેશના આર્થિક વિકાસ માટે યોજના આયોગની સ્થાપના કરી હતી અને પંચવર્ષિય યોજનાઓની શરૂઆત કરવામાં આવી હતી. નહેરૂ એ દેશના વિકાસ મોડલમાં તર્ક, વિજ્ઞાન અને સમાજનો સમાવેશ ચાહતા હતા. તેના માટે તેમણે કેટલાક લોકોને પસંદ કર્યા હતા જેમાં મહાલનોબિલ એક હતા. નહેરૂ તેમનાથી એટલા બધાં પ્રભાવિત હતા કે તેમને યોજના આયોગમાં લઇ આવ્યા હતા. થોડાં સમય પછી તેઓ યોજના આયોગના સદસ્ય બની ગયા. ૫૦ના દસકામાં તેઓ ભારતની મોટી વ્યક્તિ થઇ ચૂક્યાં હતા. ૧૯૫૯માં સંસદના એક અધિનિયમથી ભારતીય સ્ટેટેસ્ટીકલ (સાંખ્યિક) સંસ્થાનને રાષ્ટ્રીય મહત્વ આપવામાં આવ્યું હતું.

● બીજી પંચવર્ષિય યોજનાને વિશ્વમાં મશહૂર બનાવી...

સમાજવાદી વિચારના મલાલનોબિસે દેશની બીજી પંચવર્ષિય યોજનાનો ડ્રાફ્ટ તૈયાર કર્યો હતો. જો કે તેઓ અર્થશાસ્ત્રના મોટા જાણકાર ન હતા પરંતુ તે કમી તેમણે વિકસિત દેશોના અર્થશાસ્ત્રીઓ અને અન્ય લોકો સાથે મળીને પુરી કરી હતી. તેમણે અમેરિકા, ચીન, રશિયા જેવા દેશોમાં જઇને તેમના આર્થિક મોડલને સમજ્યાં હતા જે પૈકી રશિયાનું મોડલ તેમને પસંદ આવ્યું હતું. તેનાથી તેઓ પ્રભાવિત બન્યાં હતા. ૧૯૫૪માં તેમણે યોજના આયોગને બીજી પંચવર્ષિય યોજનાનો ડ્રાફ્ટ આપ્યો ત્યારે તેમાં કહેવામાં આવ્યું હતું કે "જો દેશમાં ઝડપથી ઔદ્યોગિક વિકાસ કરવો હોય તો સરકારે જાહેરક્ષેત્રના ઉપક્રમ અસરકારક રહેશે અને ભારે ઉદ્યોગો જેવાં કે સ્ટીલ, સિમેન્ટ પર ધ્યાન કેન્દ્રીત કરવું પડશે." કેપિટલ નિર્માણનો પણ તેમાં સમાવેશ કરવામાં આવ્યો હતો જેના કારણે ત્વરિત રોજગારી ઉભી થઇ શકે. તેમણે બંધો અને ફેક્ટરીઓના નિર્માણની યોજના બનાવી હતી. તેમની આ યોજનાને મહાલનોબિસ મોડલ કહેવાય છે. તેમના વિચારો પ્રમાણે પહેલી યોજનામાં જ્યાં ખનીજ અને ઉદ્યોગ માટે ૧૭૯ કરોડ ફાળવવામાં આવ્યા હતા તે બીજી યોજનામાં વધીને ૧૦૭૫ કરોડ થઇ ગયા હતા.

● મહાલનોબિસ મોડલથી વિશ્વના અર્થશાસ્ત્રોએ પ્રભાવિત...

દુનિયાભરના અર્થશાસ્ત્રી અને વૈજ્ઞાનિકો મહાલનોબિસ મોડલથી અભિભૂત થયા હતા. બ્રિટનના જીવ વિજ્ઞાની જેબીએસ હેલદેન એ તો તેનાથી પ્રભાવિત થઇને કહ્યું હતું કે – "જો કોઇ નિરાશાવાદી વિચાર પણ રાખતો હોય તો પણ તે માની લે કે આ પ્લાનની નિષ્ફળતામાં ૧૫ ટકા ભાગીદારી પાકિસ્તાન અને અમેરિકાની છે. ૧૦ ટકા રશિયા અને ચીનનો હસ્તક્ષેપ છે. ૨૦ ટકા રાજનીતિ અને બ્યુરોક્રેસી છે અને પાંચ ટકા હિન્દુ વિચારધારા છે આમ છતાં તેને સફળ થવાની ૫૦ ટકા શક્યતા છે અને તે એટલી છે કે દુનિયાનો ઈતિહાસ બદલાઇ જશે." મશહૂર અંગ્રેજી લેખક ગુરૂચરણ દાસ ઈન્ડિયા અનબાઉન્ડમાં લખે છે કે "બીજી પંચવર્ષિય યોજનાને દુનિયાનો મહત્વપૂર્ણ દસ્તાવેજ માની લેવામાં આવ્યો છે, જ્યારે રામચંદ્ર ગુહા લખે છે કે આ મોડલ સ્વદેશી છે અને તે મહાત્મા ગાંધીએ આઝાદી દરમ્યાન શરૂ કર્યું હતું."

● કેન્દ્ર સરકારે તેમના મોડલ પર મહોર લગાવી હતી

બીજી તરફ કેટલાક ભારતીય અર્થશાસ્ત્રીઓ મહાલનોબિલ મોડલથી પ્રભાવિત થયાં ન હતા. બીઆર શિનોય કહેતા હતા કે આ યોજના અતિ મહત્વકાંક્ષી અને ખર્ચાળ છે. અમેરિકાના અર્થશાત્રી મિલ્ટન ફ્રીડમેને કહ્યું હતું કે આ મોડલ વધુ પડતું ગણિતીય છે જેમાં રોકાણને આધીન ઉત્પાદન પર જોર આપવામાં આવ્યું છે પરંતુ માનવ સંસાધનો પર આપ્યું નથી. મહાલનોબિસના પ્લાન ઉપરાંત દેશ પાસે એક બીજો વિકલ્પ પણ હતો. ગુરૂચરણ દાસ લખે છે કે મહાલનોબિસનો પ્લાન ભારતીય સ્થિતિને અનુકૂળ છે. મુંબઇના બે અર્થશાત્રીઓ સીએન વકીલ અને રીઆર બ્રહ્માનંદનો એક આઇડિયા હતો કે દેશ પાસે મૂડી ઓછી છે અને માનવ સંસાધન પ્રચૂર માત્રામાં છે. તેમણે કહ્યું કે મૂડીને કપડાં, રમકડાં, સ્નૈક, સાયકલ અને રેડિયો જેવા ઉત્પાદનો પર લગાડવામાં આવે કેમ કે તેમાં જોખમ નથી. આ બન્ને અર્થશાસ્ત્રીઓનું માનવું હતું કે તેનાથી કૃષિમાં નિકાસ વધશે. ગ્રામીણ આધારભૂત ઢાંચો ઉભો થશે. કૃષિ સબંધિત ઉદ્યોગો અને નિકાસ વધશે. જો કે સરકારે માત્ર મહાલનોબિસનું સાંભળ્યું અને તેમના મોડલ પર મોહર લગાવી હતી.

● સમાજવાદી હતા, તેમણે અનેક પદો ભોગવ્યાં છે...

મહાલનોબિસ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પદો પર રહી ચૂક્યાં છે. ૧૯૬૮માં તેમને પદ્મ વિભૂષણનો ખિતાબ આપવામાં

આવ્યો હતો. આજે તો પંચવર્ષિય યોજનાઓ બંધ કરી દેવામાં આવી છે. દેશની છેલ્લી બારમી પંચવર્ષિય યોજના હતી. એ સમયે પૂંજીવાદને નકારાત્મક વ્યવસ્થા માનવામાં આવતી હતી. મહાલનોબિસ સમાજવાદી હતા. અંગ્રેજો દ્વારા દેશને ખોખલો કરી દેવામાં આવ્યો હતો તેથી દેશના આર્થિક પૈડાંને ફેરવવાની આવશ્યકતા હતા તેથી નહેરૂએ અલગ અને જલદી કંઇ કરવું હતું. આર્થિક યોજના અને સ્ટેટેસ્ટીકલ ડેવલપમેન્ટ ક્ષેત્રે મહાલનોબિસના ઉલ્લેખનીય યોગદાનના સન્માનમાં ભારત સરકાર દ્વારા તેમના જન્મદિન ૨૯ જૂનને દર વર્ષે નેશનલ સ્ટેટેસ્ટીકલ ડે ના રૂપમાં મનાવવામાં આવે છે.

● પ્રતિવર્ષ નેશનલ સ્ટેટેસ્ટીકલ ડે તેમના નામે ઉજવાય છે

મહાલનોબિસનો જન્મ ૨૯મી જૂન ૧૮૯૩માં કલકત્તામાં થયો હતો. ભારતીય સાંખ્યિકી સંસ્થાનની સ્થાપના તેમણે કરી હતી અને આજે તેની શાખાઓ ભારતના કલકત્તા ઉપરાંત દિલ્હી, બેંગલોર, હૈદરાબાદ, પુના, કોઇમ્બતૂર, ચેન્નાઇ અને હિરિડીહ સહિત દેશના ૧૦ રાજ્યોમાં છે. તેઓ ૧૯૩૧ થી મૃત્યુ સુધી ભારતીય સાંખ્યિકી સંસ્થાનના નેર્દેશક અને સચિવ બની રહ્યાં હતા. પ્રોફેસર પ્રશાંત ચંદ્રએ રવિન્દ્રનાથ ટાગોરની કૃતિઓ પર અનેક પુસ્તકો લખ્યાં છે. શાંતિ નિકેતનમાં હતીને તેમણે ટાગોર સાથે બે મહિનાનો સમય વિતાવ્યો છે. દરમ્યાન ટાગોરે તેમને આશ્રમિકા સંઘના સદસ્ય બનાવ્યા હતા. જ્યારે ટાગોરે વિશ્વભારતીની સ્થાપના કરી ત્યારે મહાલનોબિસને આ સંસ્થાના સચિવપદે નિયુક્ત કર્યા હતા. વાસ્તુકલામાં તેમની રૂચિ વધારે હતી. પ્રોફેસરને ૧૯૪૫માં રોયલ સોસાયટી, લંડનના ફેલો તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. ૨૮મી જૂન ૧૯૭૨માં તેમનું અવસાન થયું હતું. આજની યુવાન પેઢીના તેઓ આદર્શ બની રહ્યાં છે. આજે ભારતમાં ૨૯મી જૂને દર વર્ષે નેશલન સ્ટેટેસ્ટીકલ ડે તેમના નામે ઉજવવામાં આવે છે.

સ્ટેટેસ્ટીકના વિદ્વાન અને ભારતની બીજી પંચવર્ષિય યોજનાના સૂત્રધારે વિશ્વમાં નામના મેળવી

ટાગોરે 'વિશ્વભારતી'ની સ્થાપના કરી ત્યારે મહાલનોબિસને આ સંસ્થાના સેક્રેટરી બનાવ્યા હતા